તુલસીદાસકૃત.

मणिरत्नमाळा.

ગુજરાતી ટીકા સહીત.

અને

चर्पटपंजरीका तथा नर्मदाष्टक.

प्रसिद्ध कर्त्ता

महादेव रामचंद्र जागुष्टे-बुकसेलर.

ત્રણદરવાજા અમદાવાદ.

ધી જોશી પ્રીટીંગ પ્રેસ—અમદાવાદ.

આવૃત્તિ ૨ જી પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

॥ श्रीगणेशायनमः ॥

अथ मणिरत्नमाला प्रारंभ.

प्रश्नोत्तर गुरु शिष्यनो संवाद.

अपारसंसारसमुद्रमध्येनिमज्यतोमेशरणंकिमस्ति ॥
गुरुकृपालोकृपयावदेतद्विश्वेशपादांबुजदीर्घनौका ॥ १ ॥

ગુરૂને શિષ્ય પુછેછે જે સંસારરૂપી સમુદ્ર અપાર છે તેમાં હું બુડુંછું તેથી કોને શરણ જાઉં? ત્યારે ગુરૂએ કહ્યું કે જે કૃપાવાન ગુરૂ ને વિશ્વના ઈશ્વર તેના ચરણરૂપી નાવને શરણ જા. ૧

बद्धोहिकोयोविषयानुरागीकोवाविमुक्तोविषयेविरक्तः ॥
कोवास्तिघोरोनरकःस्वदेहस्तृष्णाक्षयःस्वर्गपदंकिमस्ति ॥२॥

શિષ્ય—બંધ કિયો? ગુરૂ—વિષયમાં પ્રીતી તે.
શિષ્ય—મુક્ત કોણ? ગુરૂ—વિષયનો ત્યાગી તે.
શિષ્ય—ઘોર નર્ક કીયું? ગુરૂ—પોતાનો દેહ તે.
શિષ્ય—સ્વર્ગ કીયું? ગુરૂ—તૃષ્ણાનો ત્યાગ તે. ૨

संसारहृत्कस्तुनिजात्मबोधःकोमोक्षहेतुःप्रथितःसएव ॥
द्वारंकिमेकंनरकस्यनारीकास्वर्गदाप्राणभृतामहिंसा ॥३॥

શિષ્ય—સંસારને કોણ જીતે? ગુરૂ—પોતાના આત્માનો બોધ તે.

શિષ્ય-મોક્ષનો હેતુ કોણ ? ગુરૂ-જે બોધ અંતરમાં પ્રસરે તે.
શિષ્ય-નર્કનું એક બારણું કીયું ? ગુરૂ--નારી.
શિષ્ય-સ્વર્ગનો દાતા કોણ ? જેને હિંસા વાહાલી નહી તે.

शेतेसुखंकस्तुसमाधिनिष्ठोजागर्त्तिकोवासदसद्विवेकी ॥
केशवश्च: संतिनिजेंद्रियाणितान्येवमित्राणिजितानिकानि ॥४॥

શિષ્ય-સુખે સુતો તે કોણ ? ગુરૂ-જે સમાધીવાળો તે.
શિષ્ય-જાગ્યો તે કોણ ? ગુરૂ-સત અસતનો વિવેક કરનારો
શિષ્ય-શત્રુ કોણ ?
ગુરૂ-પોતાની ઈંદ્રીયો તેજ. અને જીતાયતો મિત્ર ૪.

कोवा.दरिद्रोहिविशालतृष्णःश्रीमांश्चकोयस्यसमस्तितोषः ॥
जिवन्मृतःकस्तुनिरुद्यमोयःकोवामृतास्यात्सुखदा.निराशा॥५॥

શિષ્ય-દરિદ્રી તે કોણ ? ગુરૂ જેને વીશાળ તૃષ્ણા તે.
શિષ્ય શ્રીમંત તે કોણ ? ગુરૂ- સવ વસ્તુનો સતોષી તે.
શિષ્ય જીવતો મુઓ તે કોણ ? ગુરૂ જેને ઉદ્યમ નહું તે
શિષ્ય-અમૃત સરખુ શુ ?
ગુરૂ-સુખ દેનારી કોઈની આશા ન રાખી તે

पाशोहिकोयोममताभिधानःसमोहयस्येवसुरेवकास्ति ॥
कोवामहांधोमदनातुरोयोमृत्युश्चकोवायशःस्वकीयम् ॥६॥

શિષ્ય-પાશ જે બંધે તે કીયો ? ગુરૂ-જેના અંતરમાં અભિમાન તે

શિષ્ય–કેફના સરખી મોહનીજ કરનાર કેઈ? ગુરૂ–સ્ત્રી
શિષ્ય–મોટો આંધળો કીયો? ગુરૂ–કામાતુર તે
શિષ્ય–મૃત્યુ–શું? ગુરૂ–પોતાનુ અપયશ થયું તે. ૬

कोवागुरुर्योहिहितोपदेष्टाशिष्यस्तुकोयोगुरोभक्तएव ॥
कोधंरोगोभवएवसाधोकिमौषधंतस्यविचारएव ॥ ७ ॥

શિષ્ય–ગુરૂ કીયો? ગુરૂ–હિતનો ઉપદેશ કરે તે.
શિષ્ય–શિષ્ય કીયો? ગુરૂ–ગુરૂની સેવા કરે તે.
શિષ્ય–મોટો રોગ કીયો? ગુરૂ સંસાર.
શિષ્ય–તેનુ ઓસડ શુ? ગુરૂ–વિચાર.

किंभूषणाद्भूषणमस्तिशीलंतीर्थंपरंकिंस्वमनोविशुद्धं ॥
किमत्रहेयंकनकंचकांताश्राव्यंसदाकिंगुरुवेदवाक्यम् ॥८॥

શિષ્ય–ઘરેણું કીયું? ગુરૂ–શિલ રૂપીયું તે.
શિષ્ય–તિર્થ મોટું કિયું! ગુરૂ–પોતાનુ મન શુદ્ધ તે.
શિષ્ય–તજવુ શું? ગુરૂ––કનક તથા કાંતા.
શિષ્ય–સાંભળવું શું? ગુરૂ–ગુરૂનાં તથા વેદનાં વાક્ય.

केहेतवोब्रह्मगतेस्तुसंतिसत्संगतिर्दानविचारतोषा ॥
केसंतीसंतोखिलवीतरागाअपास्तमोहाःशिवतत्वनिष्ठा ॥९॥

શિષ્ય બ્રહ્મગતીનુ હેતુ કોણ?
ગુરૂ–સત્સંગતિ, દયા, સુવિચાર, અને સંતોષ એ ચાર.
શિષ્ય–સંત કોણ? ગુરૂ–સારીપેઠે વૈરાગ છે તથા મોહ પણ ગયો છે તે. શિવતત્વને જાણે તે.

कोवाज्वरःप्राणभृतांहिचिंतामूर्खोस्तिकोयस्तुविवेकहिनः ॥
कार्यामयाकाशिवविष्णुभक्तिःकिंजीवनंदोषविवर्जितंयत् ॥१०

શિસ્ય—જીવ લેનારો તાવ કીયો ? ગુરૂ—ચિંતા.
શિસ્ય મુરખ કોણ ? ગુરૂ—અવિવેકી.
શિસ્ય—શું કામ કરવું ? ગુરૂ—શિવવિસ્નુની ભકિત કરવી.
શિસ્ય—નિર્વાહને માટે શું કરવુ ? ગુરૂ—પાપ રહિત કામ કરવુ.

विद्याहिकाब्रह्मगतिप्रदायाबोधोस्तिकोयस्तुविमुक्तिहेतुः ॥
कोलाभआत्मावगमोहियोवैजीतंजगत्केनमनोहियेन ॥११॥

શિસ્ય—વિદ્યા કેઈ ? ગુરૂ—બ્રહ્મગતિની આપનારી.
શિસ્ય—બોધ કીયો ? ગુરૂ—મુકિતનો હેતુ તે.
શિસ્ય—લાભ કીયો ? ગુરૂ—આત્માને જાણે તે.
શિસ્ય—જગત કોણે જીત્યું ? ગુરૂ—જેણે મન જીત્યુ તેણે. ૧૧

शुरान्महाशूरतमोस्तिकोवामनोजबाणैर्व्यथितोनयस्तु ॥
प्राज्ञोतिधीरश्चसमोस्तिकोवाप्राप्तोनमोहंकलनाकटाक्षैः ॥१२॥

શિસ્ય—શુરામાં શુરો કીયો ? ગુરૂ—જેણે કામ જીત્યો તે.
શિસ્ય—ધિરજવાળો તથા બુધીમાન કીયો ?
ગુરૂ—જે સ્ત્રીનાં નેત્ર ચપળતાથી મોહ ન પામ્યો તે. ૧૨

विषाद्विषंकिंविषयाःसमस्तादुःखीसदाकोविषयानुरागी ॥
धन्योस्तिकोयस्तुपरोपकारीकःपूजनीयोननुतत्वनिष्ठ. ॥१३॥

શિસ્ય—વિષમાં વિષ કીયુ ? ગુરૂ—સમસ્તવિષય છે તે.
શિસ્ય—દુખીયો કોણ ? ગુરૂ—વિષયમાં હેત રાખે છે તે.

શિષ્ય-ધન્ય કોને ? ગુરૂ-પરોપકારીને.

શિષ્ય-પુજવા યોગ્ય કોણ ? ગુરૂ-આત્માતત્વ જાણનારો તે.

सर्वास्ववस्थास्ववर्पिकिंनकार्यंकिंवाविधेयंविदुषांप्रयत्नात् ॥

स्नेहश्चपापंपठनंचधर्मःसंसारमूलंहिकिमस्तिचिंता ॥ १४ ॥

શિષ્ય-સર્વદા કીયુ કામ ન કરવુ, તથા પંડિતે શી મેહેનત કરવી.

ગુરૂ-સર્વદા પાપ તથા સ્નેહ ન કરવો, અને પંડિતે તો ભણવુ તથા ધર્મ કરવો.

શિષ્ય-સંસારનુ મુળ કીયુ ? ગુરૂ-ચિંતા.

विज्ञान्महाविज्ञतमोस्तिकोवानार्यापिशाच्यानचवंचीतोयः ॥

काश्रृंखलाप्राणभृतांचनारीदिव्यंव्रतंकिंचानिरस्तदैन्यं ॥१५॥

શિષ્ય-મોહ્‌ વિજ્ઞાન કયુ ? ગુરૂ-પિશાચીણી સ્રીએ ન ઠગ્યો તે.

શિષ્ય-હેડ તથા બેડી કેઈ ? ગુરૂ નારી.

શિષ્ય-ચોખુ વ્રત કીયુ ? ગુરૂ-કપટ વિનાની ગરીબાઈ. ૧૫

ज्ञातुंनशक्यंहिकिमस्तिसर्वैर्योषिन्मनोयच्चरितंतदीयं ॥

कादुस्त्यजासर्वजनैर्दुराशाविद्याविहिनःपशुरस्तिकोवा ॥१६॥

શિષ્ય-જ્ઞાનીને સર્વથા ન જણાય તે શુ ? ગુરૂ-સ્રીનાં મનની વાત

શિષ્ય-સર્વથી ન તજાય તે શુ ? ગુરૂ-ખોટી ઈચ્છા.

શિષ્ય- પશુ કોણ. ગુરૂ-વિદ્યા વિનાનો તે.

वासोतामानहवैर्विधयोमुर्खैश्चपापैश्चखलैश्चनीचैः ॥

मुमुक्षुणांकिंचरितंविधेयंसत्संगतिनिर्ममतेशभक्तिः ॥ १७ ॥

શિષ્ય-જ્ઞાની થવું હોય તો કીયે ઠામ ન રહેવું તથા કોનો સંગ ન કરવો.

ગુરૂ–જ્યાં સતસંગ ન હોય ત્યાં, અને મુર્ખના પાપીના, ખળના તથા નિચના સંગ ન કરવો.

શિશ્ય–જ્ઞાની થવુ હોય તેણે કેઈ ચાલે ચાલવુ ?

ગુરૂ–સત્સંગતીથી પરમેશ્વરની નિર્મમતા ભક્તિ કરવી.

लघुत्वमूलंचकिमर्थितैवगुरुत्वबीजंपदयाचनंकिम् ॥
जातोस्तिकोयस्यपुनर्नजन्मकोवामृतोयस्यपुनर्नमृत्युः ॥१८॥

શિશ્ય–નાનો થવાનું મુળ શુ ? ગુરૂ–જાચના કરવી તે

શિશ્ય–મોટો શાથી થાય ? ગુરૂ–ઈશ્વરપદ જાચે તેથી.

શિશ્ય–જન્મ્યો કોણ ? ગુરૂ–જેને ફરી જન્મ નથી તે.

શિશ્ય–મુવો કોણ ? ગુરૂ–જેને ફરીને મરવુ નહી તે.

मूकोस्तिकोवाबधिरश्चकोवायुक्तंनवक्तुसमयेसमर्थः ॥
तथ्यंसुपथ्यंनशृणोतिवाक्यंविश्वासपात्रंनकिमस्तिनारी ॥१९॥

શિશ્ય–મુગો કોણ, અને બેહેરો કોણ ?

ગુરૂ–જેવુ જોઈએ તેવુ ન બોલાય તે, અને ઔષધ જેવાં, ગુરૂનાં વચન ન સાંભળે તે.

શિશ્ય–વિશ્વાસ કોનો ન કરવો ? ગુરૂ–સ્રીનો.

तत्वंकिमेकंशिवमद्वितीयंकिमुत्तमंसच्चरितंयदस्ति ॥
किंकर्मकृत्वानचशोचनीयःकामारिकंसारिसमर्चनाख्यं ॥ २०॥

શિશ્ય–એક તત્વ કીયુ ? ગુરૂ–અદ્વૈત શીવ તે.

શિશ્ય ઉત્તમ તે શુ ? ગુરૂ–રૂડાં આચરણ.

શિશ્ય–કીયુ કામ કરવુ કે જેથી શોક ન થાય.

ગુરૂ કામના વેરી શિવ અને કંસના વેરી કૃષ્ણ એઓને સમભાવે પુજવા.

शत्रोर्महाशत्रुतरोऽस्तिकोवाकामःसकोपानृतलोभतृष्णाः ॥
नपूर्यतेकोविषयैःसएवर्किदुःखमूलंममताभिधानः ॥ २१ ॥

શિષ્ય-શત્રથી મોટો શત્રુ કીયો?
ગુરૂ-કાંમ, ક્રોધ, અસત્ય, લોભ, અને તૃષ્ણા, એ પાંચ.
શિષ્ય--કેવારે ન પુરાય તે શુ? ગુરૂ વિષય.
શિષ્ય-દુખનુ મુળ કીયુ? ગુરૂ-મમતા ભરાએલી તે.

किमंडनंसाक्षरतामुखस्यसत्यंचकिंभूतहितंतदेव ॥
त्यक्त्वासुखंकिंक्रियमेवसंम्यकदेयंपरंकिंत्वभयंसदैव ॥२२

શિષ્ય--મુખની શોભા શી? ગુરૂ-ઇશ્વર સબંધી બોલ તે.
શિષ્ય-સત્ય કીયુ? ગુરૂ સર્વ ભુતનુ હીત કરવુ.
શિ૦ શુ તજેથી સુખ થાય? ગુરૂ-સ્ત્રી સર્વ પ્રકારે તજેથી.
શિષ્ય-આપવુ શુ? ગુરૂ-અભયદાન

कस्यास्तिनाशेमनसोहिमोक्षःकसर्वथानास्तिभयंविमुक्तेः ॥
शल्यंपरंकिंनिजमूर्खतैवकेकेह्युपास्यागुरवश्चवृद्धा ॥२३॥

શિષ્ય-શુ મુવે મોક્ષ થાય? ગુરૂ-મન
શિષ્ય-સર્વ ભય ક્યારે જાય? ગુરૂ મુકિતનો સિદ્ધાંત થાય ત્યા
શિષ્ય-પરમ શલ્પ કીયુ? ગુરૂ-પોતાની મુખતા તે.
શિષ્ય કોની સેવા કરવી? ગુરૂ-વૃદ્ધ ગુરૂની.

उपस्थितेप्राणहरेकृतांतेकिमाशुकार्यंसुधियाप्रयत्नात् ॥
वाक्कायचित्तैःसुखदंयमघ्नंमुरारिपादांबुजमेवचिंत्य ॥ २४ ॥

શિષ્ય-મરતી વખતે શુ કરવું? ગુરૂ-મન, વાણી, કાયાથી ઇશ્વર
સંભારવા.

केदस्यवः संतिकुवासनाख्याः कः शोभतेयः सदसिप्रविद्यः ॥
शांतेचकायासुखदासुविद्याकिमेधतेदानवशात्सुविद्या ॥२५॥

શિષ્ય—સંતને ચોર કિયો ? ગુરૂ—કુવાસના.
શિષ્ય--સભામાં કોણ શોભે? ગુ--જે બ્રહ્મવિદ્યાવાળો તે.
શિ--શાન્તીનું સુખ કોણ આપે? ગુરૂ- સુવિદ્યા.
શિષ્ય--શુ આપેથી વધે? ગુરૂ--બ્રહ્મવિદ્યા.

कुतोहिभीतिःसततंविधेयालोकापवादाद्भवकाननाच्च ॥
कोवास्तिबंधुःपितरौचकौवाविपत्सहायःपरिपाळकौयौ ॥२६॥

શિ--સંતને શાથી બીહીવુ ?
ગુ--લોકની નીંદાથી તથા સંસારરૂપી વાડીના રખે મોહ લાગે તેથી.
શિ- ભાઈ તે કોણ? તથા માતા પીતા તે કોણ?
ગુ--વિપતે સહાય કરે તે ભાઈ, અને પરિપાલ કરે ને માતઃ પિતા.

बुद्ध्वानबुद्धंपरिशिष्यतेकिंशिवंप्रशांतंसुखबोधरूपं ॥
ज्ञातेतुकस्मिन्विदितंजगत्स्यात्सर्वात्मकेब्रह्मणिपूर्णरूपे ॥२७॥

શિ -બુદ્ધિથી બોધ ન થાય એવી શી વસ્તુ છે ?
ગુ--જે સચ્ચિદાનદ રૂપ શિવ,
શિ- શુ જાણ્યાથી સર્વ જગત જણાય.
ગુ--સર્વ આત્મક એવુ જે પુર્ણરૂપ એવું જે પરબ્રહ્મ તે જાણે સર્વ જાણ્યુ.

किंदुर्लभंसद्गुरुरस्तिलोकेसत्संगतिर्ब्रह्मविचारणाच ॥
त्यागोहिसर्वस्यनिजात्मबोधःकोदुर्जयःसर्वजनैर्मनोजः ॥२८॥

શિ--ત્રણ લોકમાં શું દુર્લભ? ગુ- સદગુરૂ, સત્સંગ અને બ્રહ્મ વિચાર.

શિ--સર્વનો ત્યાગ ક્યારે થાય. ગુ--જ્યારે શિવઆત્મબોધથાય ત્યારે.

શિ--સર્વથી ન જીતાય તે શું. ગુ--કામ (વિષય)ને જીતાતો નથી.

पशोःपशुःकोनकरोतिधर्मंप्राधितशास्त्रोऽपिनचात्मबोधः ॥
किंतद्विषंभातिसुधोपमंस्त्रीकेशत्रवोमित्रवदात्मजाद्याः ॥२९॥

શિ--પશુનો પશુ કીયો.

ગુ--વેદશાસ્ત્ર ભણ્યો પણ આત્મબોધ ન થયા તે.

શિ--અમૃતસરખુ લાગે છે પણ ઝેર છે તે શું. ગુ--સ્ત્રી.

શિ--શત્રુ છે પણ મીત્ર સરખાં લાગે છે તે શું ?

ગુ--પોતાનાં છોકરાંઆદિ લઈને.

विद्युच्चलंकिंधनयौवनायुर्दानंपरंकिंचसुपात्रदत्तं ॥
कंठंगतैरप्यसुभिर्नकार्यंकिंवाविधेयंमलिनंशिवार्चा ॥ ३० ॥

શિ- વિજળીની પેઠે થાતુ ને તરત ફીટી જાય તે શું-

ગુ--ધન, જોબન, અને આયુષ્ય.

શિ--મોટું દાન કીયું ? ગુ--સુપાત્રને આપવુ તે.

શિ--કંઠે પ્રાણ આવ્યો હોય તોય શુ ન કરવુ. ગુ--ખોટું કામ.

શિ--કંઠે પ્રાણ આવ્યો હોય તોપણ શુ કરવુ. ગુ.--શિવ પુજાકરવી.

किंकर्मयत्प्रीतिकरंमुरारेःक्वास्थानकार्यासततंभवाब्धौ ॥
अहर्निशंकिंपरिचिंतनीयंसंसारमिथ्यात्वशिवात्मतत्वं ॥३१॥

શિ--કર્મ તે કીયું. ગુ--ભગવાન સાંથે પ્રીતિ થાય તે કર્મ.

શિ--નીરંતર આસ્થા ક્યાં ન કરવી. ગુ--સંસારરૂપી સમુદ્રમાં.

શિ--રાત દિવસ શુ ચીંતવવું.

ગુ--સંસારનું મિથ્યાપણુ તે, શિવાત્મા તત્વ.

कंठगताबाश्रावणंगताबाप्रश्नोत्तराख्यामणिरत्नमाळा ॥
तनोतुमोदंविदुषांप्रयत्नात्रमेशगौरीशपदौछुसेव्यौ ॥३२॥

આ ગ્રંથનો ફળશ્રતી જે કોઇ એ ગ્રંથ પાઠ કરે અથવા કોઇ સાંભળે અથવા સંભળાવે, ને પ્રશ્નોત્તર વાખ્યાઓનુ નામ એવી એ મણિરત્નમાળા છે તે આનંદને આપે ને હમેશ જે વિષ્ણુને ગૌરીશ જે શિવ તેના ચરણુની સેવા કરવી એ સાર છે. ॥૩૨॥

ઈતી શ્રી તુલસીદાસકૃત મણીરત્નમાળા સંપુર્ણ.

अथ चरपट पंजरिका लिख्यते.

ગોવીંદને ભજ ગોવીંદને ભજ, ગોવીંદને ભજ મુઢ મતી; અંત સમે કોઈ કામ ન આવે, સ્ત્રી પુત્રાદિક એક રતી. બાલપણું રમવામાં ખોયું, તરૂણપણે તરૂણી મુખ જોયું; વૃદ્ધપણે ચીંતામાં બુડયો, પરબ્રહ્મને કદી ન દુઢયો. ગો૦ ॥ ૨ ॥ અંગ ગળી ગયું, માથું પલી ગયું, દાંત વીનાનું મોહોડું થઈ ગયું; વરધ થયો કાંતીને આલી, તોયે ન મુકી મનની પાળી. ગો૦ ॥ ૩ ॥ વારે વારે જનમવું મરવું, માત ઉદરમાં આવી સુવું; ભવસાગરનો નથી આરો. શ્રીપતી મુજને પાર ઉતારો. ॥ ૪ ॥ રાત ગઈ ને વાયુ વાહાણું. દીપ દીવાલી હોળીટાણું; કાલને રમતે ઉમર ખુટી, તોએ ન તારી આશા તુટી. ગો૦ ॥ ૫ ॥ મુંડયું માથું માથે જટા, ભગવા લુગડાની છે છટા; શા માટે જગ્યુ એસો, કપટને માટે કીધો શોક.

ગો૦ ॥ ૬ ॥ ગઈ વએ શો કામ બીકારણું. કહુ નીર નહીં તાહારાં;
વાત નહી તો શો પરીવાર બ્રહ્મ જહાં તહાં શો સંસાર. ગો૦
॥ ૭ ॥ આગઝ અગની પુંઠળ ભાનુ, રાતે દાટી હેઠળ જાનું;
કરતલ ભીક્ષા માથે આડ, તોયે ન મુકી આશા વાટ. ગો૦ ॥૮॥
જહાં લગણુ રળવાની શકતી, તહાં લગણુ પરીવારની ભકતી;
કાયા જ્યારે જર જર હોઈ, વાત ન ઘરમાં પુછે કોઈ ગો૦ ॥૯॥
કટકે કટકે કંથા જોડે, પાપ પુણ્યનો મારગ છોડે; નહીં હું નહીં તુ
નહીં આ લોક, મીથ્યા શાને કરીએ શોક. ગો૦ ॥ ૧૦ ॥ નારીના
રતન જોઈ મોહુયો, મીથ્યા જનમ મોહમાં ખોયો; એ સઘળા છે
માન વીકાર, મનમાં વારંવાર વિચાર. ભજ૦ ॥૧૧॥ ગાવા ગીતા
મનમાં રામ, ભજવા શ્રીપતીને નીશ કામ; સાધુ સંગમાં ધરવું
ચીત, દીન અનાથને દેવું વીત. ભજ૦ ॥ ૧૨ ॥ થોડું ભગવત
ગીતા જાણવું, ગંગાજળ લવ કણીકા પીવું; જેણે કીધી હરીની
આરચા, ન કરે જમ તેની ચરચા. ભજ૦ ॥ ૧૩ ॥ કયાંથી આ-
વ્યો ને તું કોણ, માતા કોણ ને પીતા કોણ; એ વીચારમાં સઘ-
ળો અસાર, સઘળું મુકી સ્વપ્ન વીચાર. ભજ૦ ॥ ૧૪ ॥ કોની
સ્ત્રી ને કોના પુત, સંસારમાં ઘણું અદભુત; કયાંથી આવ્યો ને તું
કોનો, મનવા વીચાર કર તત્વોનો. ભજ ગો૦ ॥ ૧૫ ॥ ગંગાતટ
જઈ કરવો વાસ, સુવું ભોંયપર વન ફુલ વાસ; સઘળા ભોગનો
કરવો ત્યાગ, કોને સુખ ન કરે વૈરાગ. ભજ ગો૦ ॥ ૧૬ ॥ ભજ
ગોવીંદને ભજ ગોવીંદને ભજ ગોવીંદને૦ ॥

॥ अथ नर्मदाष्टक प्रारंभः ॥

श्रीगणेशायनमः ॥ सबिंदुसिंधुसुस्खलत्तरंगभंगरंजितं
द्विषत्सु पापजातजातकारिवारिसंयुतम् ॥ कृतांतदूतका
लभूतभीतिहारिवर्मदे त्वदीयपादपंकजं नमामि देवि
नर्मदे ॥१॥ त्वदंबुलीनदीनमीनदिव्यसंप्रदायकं कलौ
मलौघभारहारि सर्वतीर्थनायकम् ॥ सुमच्छकच्छनक्रच
क्रचक्रवाकशर्मदे त्वदीयपादपंकजं नमामि देवि नर्मदे
॥ २ ॥ महा गंभीरनीरपूरपापधूतभूतलं ध्वनत्समस्त
पातकारिदारितापदाचलम् ॥ जगल्लये महाभये मृकंडु
सूनुहर्म्यदे त्वदीयपादपं० ॥३॥ गतं तदेव मे भयं त्वदं
बुवीक्षितं यदा मृकंडुसूनुशौनकासुरारिसेवि सर्वदा ॥
पुनर्भवाब्धिजन्मजं भवाब्धिदुःखवर्मदे त्वदीयपादपं०
॥ ४ ॥ अलक्षलक्षकिन्नरामरासुरादिपूजितं सुलक्षनीर
तीरधीरपक्षिलक्षकूजितम् ॥ वसिष्ठशिष्टपिप्पलादिकर्द-

शादिशर्मदे त्वदीयपाद० ॥५॥ सनत्कुमारनाचिकेतक
श्यपात्रिषट्पदैर्धृतंस्वकीयमानसेषु नारदादिषट्पदैः ॥
रवींदुरंतिदेवदेवराजकर्मशर्मदे त्वदीयपाद० ॥६॥ अल
क्षलक्षलक्षपापलक्षसारसायुधं ततस्तुजीवजंतुतंतुभुक्ति
मुक्तिदायकम् ॥ विरंचिविष्णुशंकरस्वकीयधामवर्मदे
त्वदीयपाद० ॥७॥ अहो मृतं स्वनं श्रुतं महेशकेशजा
तटे किरातसूतवाडवेषुपंडिते शठे नटे ॥ दुरंतपापताप
हारि सर्वजंतुशर्मदे त्वदीयपाद० ॥८॥ इदं तु नर्मदा
ष्टकं त्रिकालमेव ये सदा पठंति ते निरंतरं न यांति
दुर्गतिं कदा ॥ सुलभ्यदेहदुर्लभं महेशधामगौरवं पुन
र्भवा नरा न वै विलोकयंति रौरवम् ॥९॥ इति श्री
मच्छंकराचार्यविरचितं नर्मदाष्टकस्तोत्रं संपूर्णम् ॥

समाप्त॰

તૈયાર છે ! તૈયાર છે ! ! તૈયાર છે ? ? !

મહાત્મા ગોસ્વામી શ્રી તુલસીદાસજી કૃત,

રામાયણ

મુળસહીત સરળ ગુજરાતી ભાષાંતર,

આ ગ્રન્થ ભક્તરાજ ગોસ્વામી તુલસીદાસજીએ સર્વ શાસ્ત્રાનુસાર અનુભવ કરી સ્ત્રી પુરૂષોને અનુકુળ થાય તે પ્રમાણે બનાવ્યા રામાયણ નવરસથી ભરપુર જ્ઞાનનિધિ રૂપ બનાવ્યું છે તેથી રામાયણ જેવો ગ્રન્થ નથી કે જેનું સાર ભુત તત્વ શ્રી રામાયણમાં આવી જતું ન હોય અર્થાત સર્વ શાસ્ત્રોના તત્વરૂપ મોક્ષ મૂળ અને ધર્મ ગ્રન્થોમાં શ્રેષ્ટ પ્રત્યેક આર્ય ધર્માભિમાની સ્ત્રી પુરૂષોની જેના ઉપર નિરવધી શ્રદ્ધા છે. તેમજ તેનુ શ્રવણ, મનન, પઠન, પાઠન અને વિવેચન સંસારમાં સુખ સાધન પદ હોય અને મોક્ષ પ્રાપ્તિ કરાવનાર છે એવી સર્વ ભારત વાસીની દૃઢ ભાવના છે તથાપી ભાષાથી અજાણ ગુર્જર બાંધવોને તે વસ્તુતનું સ્વરૂપ સમજવા માટે જામનગરના એક વિદ્વાન શાસ્ત્રી પાસે મુળ કાવ્યના શબ્દે શબ્દ લઇ તેના નિર્ભેળ શુદ્ધ સરળ ગુજરાતી ભાષાંતર આપ્યું છે તેમ ક્ષેપક આઠમે લવકુશકાંડ, રામાયણ મહાત્મ્ય ગોસ્વામિજીનું જીવન ચરિત્ર ટીપાણી વિવેચન અનુક્રમણિકા અને પ્રસંગોપાત સુંદર ચિત્રો આપી સંપૂર્ણ શોભા પ્રદ કરવા કચાસ રાખી નથી છતાં પણ સર્વ સાધારણ લોકો ને લાભ લેવા સરળ થાય આ હેતુથી પુસ્તકની યોગ્યતા પ્રમાણમાં સુંદર ટકાઉ રોયલ ૮ પેજી ૧૬૫૦ પૃષ્ટ છપાઇ સુંદર કાગળ જાડા પુઠા, પાકુ મજબુત અને સોનેરી હોવા છતાં મુલ્ય માત્ર રૂ ૪-૮-૦ પોષ્ટ ખરચ ૦-૧૪-૦.